વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL


અંક : 131 | વર્ષ : 12 | ઓક્ટોબર : 2024 | પેઈઝ : 17

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા














શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011

web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# સફેદ ગાય – કાળી ગાય




શાળાનું નવું વર્ષ ચાલુ થયું'તું. બાળકો મામાના ઘરેથી પાછા આવી ગયા હતા. નવા પુસ્તકોની સુગંધ, ખભ્ભે નવા દફતર અને નવિન ઉત્સાહ સાથે બાળકો શાળાએ આવવા માંડયા હતા. ઘણા બાળકોનું નવું એડમિશન પણ થયેલું.

ઊર્વા દીદીના સાતમા ધોરણના કલાસમાં એવો જ એક નવું એડમિશન લીધેલ બાળક લલિત આવેલો. પહેલા દિવસે તો એ ખુબ ખુશ હતો પણ ધીમે ધીમે એ ઉદાસ રહેવા લાગ્યો. ઊર્વા દીદીને કશું સમજાતું નહોતું એટલે એમને બીજા જુના વિદ્યાર્થીઓ પાસેથી થોડી તપાસ કરી. તપાસ કરતાં જણાયું લલિતની ઉદાસીનું કારણ છે એના મોટા ચશ્મા. કલાસના બીજા બાળકો એને બાડો બાડો કહી ચીડવતા હતા ખાસ કરીને રોનક અને એની ટોળકી. ઊર્વા દીદીને દુઃખ થયું એમને ઘરે પણ સતત લલિતના વિચારો આવતા રહયા. બીજા દિવસે કલાસમાં આવતાની સાથે ઊર્વા દીદીએ કહ્યું "બાળકો આજે આપણે એક વાર્તા સાંભળીશું" બાળકો તો રાજી ના રેળ થઈ ગયાં ને બુમો પાડવા લાગ્યા. "વાર્તા... વાર્તા..."

ઊર્વા દીદીએ કહ્યું વાર્તાનું નામ છે "સફેદ ગાય....કાળી ગાય...." તો ચાલો સાંભળીયે

વાર્તા એમ છે કે, બહું સમય પહેલા ગોપાલદેવ નામનો એક રાજા હતો એમને સફેદ ગાયો ખુબ પ્રિય હતી. એમની ગૌશાળામાં બધી ગાયો સફેદ જ હતી પણ એક વાર એમને એક કાળી ગાય મળી જેના પગે લાગેલું હતું એટલે એ ચાલી પણ માંડ માંડ શકતી. તો ગોપાલદેવ એ ગાયનો ઉપચાર કરવા ગૌશાળામાં લઈ આવ્યા ને પછી ગાય ત્યાં જ રહી પણ થોડા વખત બાદ રાજાએ જોયું કે બધી જ ગાયો એક જેવો જ ખોરાક લે છે, ઊંચા પ્રકારનો ખોળ ખાય છે છતાં આ કાળી ગાય બીજી ગાયો કરતાં ઓછું દૂધ આપે છે ને એની આંખોમાં આસુંના નિશાન જોવા મળે છે.

રાજાથી આ કોયડો ન ઉકેલાતા એમને રાજયના સૌથી સમજદાર મંત્રી બુધ્ધદેવને વાત કરી. બુધ્ધદેવે કહ્યું રાજાજી મને માત્ર ત્રણ દિવસ આપો હું ત્રણ દિવસ ગૌશાળામાં રહીશ તમારે ગૌશાળાના રખ–રખાવમાં કોઈ ફેરફાર નહીં કરવાનો. જેમ અત્યારે ચાલે છે તેમ જ ચાલવા દેવું. હું ત્રણ દિવસમાં આ કોયડો ઉકેલી આપીશ રાજાજીએ તરત હા પાડી.

ત્રણ દિવસ બાદ બુધ્ધદેવ રાજાજીને મળ્યા અને કહ્યું કે રાજાજી તમે જયારે ગૌશાળામાં આવો છો તો તમારી દરેક સફેદ ગાય પર હાથ ફેરવો છો અને વ્હાલ કરો છો સાચું ? રાજાજીએ કહ્યું "હા બરાબર" તો પેલી કાળી ગાયને વ્હાલ કેમ નહી ? એને પણ એક સરખો જ વ્હાલ કરો તમારી મુસીબત દૂર થશે. રાજાજીને પોતાની ભૂલ સમજાઈ અને ખૂબ પસ્તાવો થયો બીજા દિવસથી રાજાજી સૌથી પહેલાં એ કાળી ગાય પાસે જતા અને ખૂબ વ્હાલ કરતા ધીમે ધીમે એ ગાય પણ બધી ગાયો જેટલું જ દૂધ આપવા માંડી અને એની આંખો પરથી આંસુના નિશાન પણ જતા રહ્યાં પછી સહુએ ખાધું પીધું ને રાજ કીધું.

આખા કલાસમાં સોંપો પડી ગયો. ઊર્વા દીદીએ પુછયું "બાળકો શું શીખ્યા આ વાર્તા પરથી ?" લલિતે હાથ ઊંચો કર્યોને બોલ્યો "જો બાહ્ય દેખાવ પરથી કે કોઈ નબળાઈ ના કારણે ભેદ પાડતા જાનવર પણ આટલું દુઃખી થતું હોય તો માણસ તો કેટલો દુઃખી થતો હશે" આટલું કહેતાં લલિત ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યોને ઊર્વા દીદી પણ પોતાની આંખો પર પાળ ન બાંધી શકયા. ઊર્વા દીદી એ લલિતને ખુબ પ્રેમથી ગળે વળગાડયો. બીજા બધા બાળકોની આંખો પણ ભીની હતી ખાસ કરીને રોનકની, એમણે પોતાની ભૂલ સમજાઈ ગઈ. પછીથી કયારેય કોઈ વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીને ચીડવતો નહી બધા એકબીજા સાથે પ્રેમથી રહેવા લાગ્યા અને આજે રોનક અને લલિત સૌથી પાકા ભાઈબંધ છે.



પૃથ્વી પર દક્ષિણ ધ્રુવનો ૧૩૨૦૯૦૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર એટલે સૌથી સૂકો, ઠંડો અને તીવ્ર ઠંડા પવનોનો પ્રદેશ સમગ્ર પૃથ્વીના હવામાન પર અસર કરે છે. કરોડો વર્ષ પહેલા પૃથ્વીના દક્ષિણ ધ્રુવનો પ્રદેશ ગોંડવાના લેન્ડ નામનો મોટો ખંડ હતો. તેની ધરતી પર કાયમ માટે ૨૦૦૦ મીટર બરફનું પડ જામેલું રહે છે. તેની નીચે જમીન અને ખાડા ટેકરા છે.

દક્ષિણ ધ્રુવના હવામાનની વાત જ ન કરાય. વિચાર આવતાય ઠંડી ચઢી જાય. અહીં માઈનસ ૭૩ ડિગ્રી સેલ્શિયસ તાપમાન સામાન્ય કહેવાય છે. અને ૩૦૦ કિલોમીટરની ઝડપે ઠંડા પવનો વાય છે. આવા વાતાવરણમાંય ચાર જાતની વનસ્પતિ થાય છે. બરફના પડમાં ટાપુની જેમ કયાંક કયાંક ઉપસી આવેલી જમીન પર છોડ દેખાય છે.


દક્ષિણ ધ્રુવ પર સંશોધનો કરવા માટે મોટું મથક સ્થાપેલું છે. વિવિધ દેશોના વિજ્ઞાનીઓ અહીં રહીને અભ્યાસ કરે છે. દક્ષિણ ધ્રુવ પાંચમો સૌથી મોટો ખંડ છે, પૃથ્વી પરનું ૭૦ ટકા મીઠું પાણી એન્ટાર્કટિકામાં સંગ્રહાયેલું છે.

એન્ટાર્કટિકાના બરફના પડની નીચે સૌથી મોટી પર્વતમાળા ગેમ્બર્ટસેવ માઉન્ટેન ૧૨૦૦ કિલોમીટર લાંબી છે. અને ૩૦૦૦ મીટર ઊંચી છે.

**એક જમાનામાં આપણે ત્યાં હંમેશા જમીન પર પલાઠી વાળી બેસીને જમવાનો ધારો પળાતો, જયારે આજે ડાઈનિંગ ટેબલ અને ખુરશીઓ જ વપરાય છે. કયાંક વાંચ્યું છે કે સ્વાસ્થ્ય માટે અસલની પદ્ધતિ જ યોગ્ય છે**

આયુર્વેદને ધરી બનાવતા આપણા પ્રણાલિકાગત આહારવિહાર પ્રમાણે જમીન પર બેસીને તેમજ થાળીને કે પતરાવળીને બાજઠ પર રાખીને જ ભોજન લેવું યોગ્ય છે. આ સ્થિતિ યોગનાં કુલ ૮૪ આસનો પૈકી સુખાસનની છે. (સુખની અનુભૂતિ કરાવે તે સુખાસન.) માત્ર શરીર નહિ, અંતઃકરણ પણ ધૈર્યનો, વિરામનો તથા રુચિનો અનુભવ કરે છે. સ્વાસ્થ્યના દષ્ટિકોણે લાભ એ કે પાતનતંત્રને લોહીનો વિપુલ પુરવઠો મળે, જયારે ડાઈનિંગ ટેબલ–ખુરશી વાપરતા હો ત્યારે હૃદયે બેઉ પગને લોહીનો સારો એવો પુરવઠો સતત મોકલ્યા કરવો પડે છે. દેખીતું છે કે હૃદયે પાચનતંત્રને આપવાના થતા બ્લડ સપ્લાયમાં થોડોક કાપ મૂકવો રહ્યો.

પ્રાચીન સમયના આયુર્વેદાચાર્યોએ શરીરને નિરામય રાખતી જે આચારસંહિતા તેમજ આહારસંહિતા ગ્રંથોમાં આલેખી તેમને કોરાણે મૂકી અમુક બાબતોમાં આપણે પશ્ચિમી દેશોની સમજ્યાકર્યા વગર નકલ કરીએ છીએ. રસોડામાં નીચે ચૂલા પાસે બેસીને નહિ, પરંતુ ઊંચા પ્લેટફોર્મ પાસે ઉભા રહીને રાંધવું તે પણ યોગ્ય રીત નથી. વાનગીઓનું જેટલું વૈવિધ્ય આપણે ત્યાં છે તેનું કદાચ ત્રીજા ભાગનુંય પશ્ચિમી દેશોમાં નથી. રાંધવાની કડાકૂટ પણ ખાસ નથી. દાખલા તરીકે mashed potato નામની વ્યાપક રીતે ખવાતી ત્યાંની 'વાનગી' એટલે છૂંદી કઢાતા બાફેલા બટાટા, થોડુંક ક્રીમ, સહેજ નમક તથા મરીના ભૂકા સિવાય કશું નહિ. ઘણી વાનગીઓ તો બજારમાં tin food અને processed food તરીકે લગભગ તૈયાર મળી જાય છે. જેમને ગરમ કરવા સિવાય બીજી વિધિ જરૂરી નથી. ભાગ્યે જ અન્નપૂર્ણા કહી શકાય એવી સરેરાશ પશ્ચિમી ગૃહિણીએ કીચનમાં પ્લેટફોર્મ નજીક લાંબો સમય ઊભવાનું થતું નથી. ડિનર તથા લન્ચ માટે વાનગીઓની સંખ્યા પણ વધારે નહિ. આપણે ત્યાં રોટલી, દાળ, ભાત, શાક, કઠોળ, અને કયારેક ફરસાણ સહિત ઘણી ચીજો બને. પરિણામે ભારતીય ગૃહિણીએ ચૂલે મૂકેલા આંધણ (આધણ) પર ઘણા સંસ્કારો કરવાના થાય, જેના માટે લાંબો સમય ઊભા રહેવાનો તકાદો varicose veins ની તકલીફ પેદા કરે છે. પગની નસો ફૂલી જાય છે. ધમની સ્થિતિસ્થાપક છે, પણ નસો / veins નથી. એક વાર ફૂલ્યા બાદ નસો પાછી અગાઉ જેવી ન બને.








## અંગ્રેજીમાં Laughter is The Best Medicine એવી માન્યતાનું સૂચક જાણીતું વાક્ય છે. માન્યતામાં વિજ્ઞાન કેટલું ?




વિજ્ઞાન એ કહે છે કે ખળખળાટ હસો ત્યારે માનસિક તણાવને ઘટાડી દેતા કે દૂર કરી દેતા સેરોટિનિન તથા એન્ડોર્ફિન જેવા હોર્મોન્સનો સ્ત્રાવ નીકળે છે અને સાથોસાથ તાણ પેદા કરતા કોર્ટિસોલ હોર્મોનનું લેવલ નીચે જાય છે. ઈમ્યૂન સિસ્ટમ પર તથા રુધિરાભિસરણ તંત્ર પર પણ હાસ્યની સકારાત્મક અસર થતી હોવાનું કહેવાય છે, પંરતુ એ ધારણાનું સંશોધનાત્મક પરીક્ષણ કરાયું નથી. હાસ્ય કુદરતી હોવું જોઈએ. પ્રયત્નપૂર્વક જેમાં હસવાનું થાય એવી laughter club માં જોડાવાનો મતલબ નથી. સ્વાસ્થ્યવર્ધનને લગતી એકાદ બાબત ફેશનનું સ્વરૂપ ધારણ કરે એટલે પછી ગાડરિયું વલણ તેને ચગાવી મૂકે છે. ઉભરો વહેલો મોડો શમી પણ જાય છે.

સેરોટિનિન તેમજ એન્ડોર્ફિન બન્ને 'feel good' હોર્મોન્સ કહવાય છે. સેરોટિનિનનો સ્ત્રાવ Pineal નામની અને એન્ડોર્ફિનનો સ્ત્રાવ Pituitary આંતઃસ્ત્રાવી ગ્રંથિ કાઢે છે. શરીરના બીજા અમુક ભાગોનો (દા.ત. મગજના હાઈપોથેલામસનો તેમજ આંતરડામાં રહેલા બેકટીરિઆનો) પણ તેમાં કેટલોક ફાળો હોય છે.

## કોઈ વાનગી અમુક જણાને ભાવે, જયારે બીજા કેટલાક લોકોને તેનો સ્વાદ બિલકુલ ન જચે તેનું કારણ શું ?

ઉછેર તથા સાંસ્કૃતિક પ્રણાલિકા મોટી ભૂમિકા અદા કરે છે. દાખલા તરીકે વેજિટેરિયન જાપાની વાનગીઓ આપણે બિલકુલ પસંદ ન કરીએ. જયારે દક્ષિણ ભારતીયોને પંજાબી સ્ટાઈલનું ભોજન મન હેઠે આવે નહિ. દક્ષિણ ભારતીયો માટે ફણસ / Jackfruit ફેવરિટ છે અને તે ફળના શાક ઉપરાંત મીઠાઈ પણ બનાવે છે, પરંતુ ઘણા ખરા ગુજરાતીઓને ફણસની વાસ પણ ગમતી નથી. પસંદગી–નાપસંદગીનાં બાયોલોજીકલ કારણો પણ છે. જીભ પરના સ્વાદ પારખતા સંવેદકો / taste buds વ્યકિત–ટુ–વ્યકિત ઓછા કે વધુ હોય છે. અમુક લોકો કડવા સ્વાદની પરખ કરી જાણતા બહુ ઓછા સંવેદકો ધરાવે છે. કરિયાતું પીતી વખતે પણ તેઓ મોઢું કટાણું કરતા નથી. બીજા અમુક જણા કોફી પીવાનું ટાળે, કેમ કે તેમાં કડછા સ્વાદનું કેફિન હોય છે. એક પાસું ખોરાકની વાસનું કે  સોડમનું પણ ખરું. કાંદા–લસણની વાસ આપણને સહેજે ન ગમે, પણ તે બન્ને ચીજો ધરાવતી ઢાબા સ્ટાઈલની પંજાબી દાલ જમાવટ કરી દે છે.

## મોહનદાસ કરમચંદ ગાંધી



મોહનદાસ કરમચંદ ગાંધી (ઓક્ટોબર ૨, ૧૮૬૯ – જાન્યુઆરી ૩૦, ૧૯૪૮) એક ભારતીય વકીલ, સંસ્થાનવાદ-વિરોધી રાષ્ટ્રવાદી અને રાજકીય નીતિશાસ્ત્રી હતા, જેમણે અંગ્રેજ શાસનમાંથી ભારતની સ્વતંત્રતા માટેની સફળ ઝુંબેશનું નેતૃત્વ કરવા માટે અહિંસક પ્રતિકારનો ઉપયોગ કર્યો હતો. તેમણે સમગ્ર વિશ્વમાં નાગરિક અધિકારો અને સ્વતંત્રતા માટેની ચળવળોને પ્રેરણા આપી હતી. ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકામાં સૌપ્રથમ તેમના માટે માનવાચક શબ્દ મહાત્મ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે હવે સમગ્ર વિશ્વમાં ઉપયોગમાં લેવાય છે.

તટવર્તી ગુજરાતના એક હિન્દુ પરિવારમાં જન્મેલા અને ઉછરેલા ગાંધીજીએ લંડનના ઈનર ટેમ્પલમાં કાયદાની તાલીમ લીધી હતી અને જૂન ૧૮૯૧માં ૨૨ વર્ષની વયે તેઓ બારિસ્ટર તરીકે નિયુક્ત થયા હતા. ભારતમાં કારકિર્દીની શરૂઆતના બે વર્ષો દરમિયાન તેઓ કાયદાની સફળ પ્રેક્ટિસ શરૂ કરી શક્યા ન હતા, તેઓ ૧૮૯૩માં એક મુકદ્દમામાં ભારતીય વેપારીનું પ્રતિનિધિત્વ કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા. તેઓ ૨૧ વર્ષ સુધી દક્ષિણ આફ્રિકામાં રહ્યા. અહીં તેમણે પોતાના પરિવારનું પાલનપોષણ કર્યું હતું અને નાગરિક અધિકારો માટેની ઝુંબેશમાં સૌ પ્રથમ અહિંસક પ્રતિકારનો ઉપયોગ કર્યો હતો. ૧૯૧૫માં, ૪૫ વર્ષની વયે, તેઓ ભારત પાછા ફર્યા અને ટૂંક સમયમાં જ ખેડૂતો, ખેતમજૂરો અને શહેરી મજૂરોને વધુ પડતા જમીન-વેરા અને ભેદભાવ સામે વિરોધ કરવા સંગઠિત કરવાનું શરૂ કર્યું.

૧૯૨૧માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું નેતૃત્વ સંભાળીને ગાંધીજીએ ગરીબી હળવી કરવા, મહિલાઓના અધિકારોનું વિસ્તરણ કરવા, ધાર્મિક અને વંશીય સૌહાર્દનું નિર્માણ કરવા, અસ્પૃશ્યતાનો અંત લાવવા અને સૌથી વધુ તો સ્વરાજ કે સ્વશાસન હાંસલ કરવા રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવી હતી. ગાંધીજીએ હાથેથી કાંતેલા સૂતરથી વણાયેલી ટૂંકી ધોતીને ભારતના ગ્રામીણ ગરીબો સાથેની ઓળખના પ્રતીક રૂપે અપનાવી હતી. તેમણે આત્મનિર્ભર રહેણાંક સમુદાયમાં રહેવાનું શરૂ કર્યું, સાદું ભોજન લેવાનું શરૂ કર્યું, અને આત્મનિરીક્ષણ અને રાજકીય વિરોધ બંનેના સાધન તરીકે લાંબા ઉપવાસ કરવાનું શરૂ કર્યું. સંસ્થાનવાદ-વિરોધી રાષ્ટ્રવાદને સામાન્ય ભારતીયો સુધી પહોંચાડવામાં સફળ રહેલા ગાંધીજીએ ૧૯૩૦માં ૪૦૦ કિમી ની દાંડી કૂચના માધ્યમથી બ્રિટીશરો દ્વારા લાદવામાં આવેલા મીઠાના કરને પડકારવામાં અને ૧૯૪૨માં અંગ્રેજોને ભારત છોડવાની હાકલ કરીને તેમની આગેવાની લીધી હતી. તેઓ ઘણી વાર દક્ષિણ આફ્રિકા તેમ જ હિંદમાં ઘણાં વરસો સુધી જેલમાં રહ્યા હતા.

ધાર્મિક બહુલવાદ પર આધારિત સ્વતંત્ર ભારતની ગાંધીજીની કલ્પનાને ૧૯૪૦ના દાયકાની શરૂઆતમાં એક મુસ્લિમ રાષ્ટ્રવાદ દ્વારા પડકારવામાં આવી હતી, જેણે બ્રિટિશ ભારતની અંદર મુસ્લિમો માટે એક અલગ માતૃભૂમિની માગણી કરી હતી. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં હિંદુસ્તાનને બ્રિટન દ્વારા સ્વતંત્રતા મળી, પરંતુ બ્રિટિશ ભારતીય સામ્રાજ્ય હિંદુ બહુમતી ધરાવતા ભારત અને મુસ્લિમ બહુમતી ધરાવતા પાકિસ્તાનમાં વહેંચાઈ ગયું હતું. ઘણા વિસ્થાપિત હિન્દુઓ, મુસ્લિમો અને શીખો તેમના નવા પ્રદેશો તરફ પ્રયાણ કરી રહ્યા હતા, ખાસ કરીને પંજાબ અને બંગાળમાં ધાર્મિક હિંસા ફાટી નીકળી હતી. સ્વતંત્રતાની સત્તાવાર ઉજવણીથી દૂર રહીને, ગાંધીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી, અને મુશ્કેલીને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. તે પછીના મહિનાઓમાં, તેમણે ધાર્મિક હિંસાને રોકવા માટે અનેક ભૂખ હડતાલ કરી. આમાંની છેલ્લી શરૂઆત ૧૨ જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ દિલ્હીમાં થઈ હતી જયારે તેઓ ૭૮ વર્ષના હતા. ગાંધી પાકિસ્તાન અને ભારતીય મુસ્લિમો બંનેના બચાવમાં ખૂબ જ મક્કમ હતા તેવી માન્યતા ભારતના કેટલાક હિન્દુઓમાં ફેલાઈ હતી. આમાં પશ્ચિમ ભારતના પૂણેના એક આતંકવાદી હિન્દુ રાષ્ટ્રવાદી નથુરામ ગોડસેનો પણ સમાવેશ થાય છે, જેમણે ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ દિલ્હીમાં એક આંતરધર્મીય પ્રાર્થના સભામાં ગાંધીજીની છાતીમાં ત્રણ ગોળીઓ ચલાવીને ગાંધીજીની હત્યા કરી હતી. ગાંધીજીના જન્મદિવસ, ૨ ઓક્ટોબરને, ભારતમાં ગાંધી જયંતી તરીકે ઉજવવામાં આવે છે, જે રાષ્ટ્રીય રજા છે, અને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીજીને સંસ્થાનવાદ પછીના ભારતમાં રાષ્ટ્રપિતા માનવામાં આવે છે. ભારતની રાષ્ટ્રવાદી ચળવળ દરમિયાન અને તે પછીના તરતના કેટલાક દાયકાઓમાં, તેમને સામાન્ય રીતે બાપુ તરીકે પણ ઓળખવામાં આવતા હતા.

# HULUNBUIR GRASSLAND, MONGOLIA





In the northeast of inner Mongolia, Hulunbuir Grassland is considered as one of the three best grasslands in the entire world. Hulunbuir or Hulun Buir is named after two lakes of this region - Hulun Lake and Buir Lake (the latter, partially in Mongolia and China).

Covering an area of about 100,000 square kilometres, Hulunbuir Grassland is famous for its lush plants, fertile soil, and beautiful scenery and is known as the 'Grass Kingdom' among all the grasslands in the world. There are more than 120 kinds of nutritious forage grass, like alkali grass, esparto, alfalfa, wheatgrass, etc.

The Hulunbuir Grassland is a no-pollution, green, and pure land. When tourists visit this rich and magical land, they are in the lap of nature with just the blue sky and green land in the horizon. Its unparalleled beauty sets it apart from other grasslands worldwide.


The fertility of the Hulunbuir Grassland is attributed to its local environment and climate. With over 3,000 rivers and 500 lakes dotting the landscape, the pastures benefit from exceptionally fertile soil for the grass to grow. And countless yurts and wildflowers of red, yellow, and white make up the stunning scenery.

Velvety grasses sway in the breeze, with herds of horses and sheep leisurely grazing under the shadow of moving clouds. White round yurts dot throughout the endless green horizon with pearl-like rivers zigzagging to the distance. When the stunning yellow meets with green, a picturesque natural oil painting unfolds with the rolling hills as the backdrop.


Hulunbuir grassland once faced threats by increasing human activities such as over-herding that destroyed its ecological system. In response, the Chinese government adopted the 'returning grazing land to grassland' policy, aiming to restore and reinstate a balanced ecological system.




# A TALE OF WORLD WARS



## WORLD WAR I







### START OF THE WAR

- Began in 1914 and lasted till 1918
- Mainly involved countries in Europe, but later it became a global conflict

### CAUSES

- Tensions between European countries due to rivalries, nationalism, and militarism
- The assassination of Archduke Franz Ferdinand of Austria-Hungary was a trigger event.

### ALLIANCES

Countries formed alliances, leading to a domino effect where one country's declaration of war pulled in others.

### FIGHTING

The battleground extended across various fronts, including trenches on the Western Front and battles in Eastern Europe, Africa, Asia, and naval battles at sea.

### NEW WEAPONS

Introduction of deadly weapons like machine guns, tanks, and poison gas

### IMPACT

- Millions died and got injured, and devastation was widespread
- Led to the collapse of prominent empires like the Austro-Hungarian, Ottoman, German, and Russian empires

### END OF THE WAR

The war ended in 1918 with the signing of the Treaty of Versailles.

### CONSEQUENCES

The Treaty of Versailles imposed heavy penalties on Germany, leading to economic hardship and resentment that contributed to World War II.

### REMEMBRANCE

The memory of the war is perpetuated through memorials and ceremonies to honour the sacrifices made.

### LESSONS

Highlighted the importance of diplomacy, peacekeeping, and cooperation to prevent future conflicts




## WORLD WAR II










### START OF THE WAR

- Commenced in 1939 and lasted till 1945
- Originated in Europe but spread globally

### CAUSES

- Economic hardship, resentment from the Treaty of Versailles, and rise of dictators like Adolf Hitler in Germany and Benito Mussolini in Italy
- The invasion of Poland by Germany in 1939 served as the ignition point for the war.

### ALLIANCES

Axis Powers (Germany, Italy, and Japan) confronted the Allied Powers (including Britain, France, the Soviet Union, and later the United States)

### FIGHTING

- Fought on multiple fronts, including battles in Europe, Africa, Asia, and the Pacific
- Featured significant naval battles and aerial warfare

### NEW WEAPONS

Advanced weaponry like bombers, fighter planes, submarines, and the atomic bomb

### IMPACT

- Loss of millions of civilian and military lives, alongside extensive destruction of urban centres
- Holocaust led to the genocide of six million Jews by the Nazis.

### END OF THE WAR

Concluded in 1945 after the atomic bombings of Hiroshima and Nagasaki and the subsequent surrender of Japan

### CONSEQUENCES

- The world was divided into two power blocs, the Western Allies and the Soviet Union, leading to the Cold War.
- Establishment of the United Nations to prevent future conflicts

### REMEMBRANCE

Commemoration is upheld through memorials, museums, and educational initiatives, serving as a reminder to prevent the recurrence of past atrocities.

### LESSONS

Emphasised the importance of international cooperation, human rights, and preventing the rise of dictators to avoid similar catastrophes in the future


# Spot the Differences

**Try to spot 8 differences between the pictures as quickly as possible.**






## HELP MOUSE TO GET HIS CHEESE BACK





## SPELLING WORD SEARCH

ZINC
ZOO
ZIP
ZAP

ZIPPER
ZEBRA
ZERO
ZODIAC

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Z | C | B | N | Z | E | R | O | Z | X |
| O | V | Z | E | B | R | A | T | I | Z |
| D | Y | Z | Q | T | Y | M | X | N | O |
| I | F | A | K | C | E | Y | Q | C | O |
| A | Q | P | G | Z | I | P | P | E | R |
| C | C | S | J | C | J | X | Q | C | A |
| C | K | H | Z | E | T | P | Z | Q | T |
| B | G | Z | N | S | I | W | J | I | C |
| J | C | I | E | F | F | V | K | K | R |
| L | O | P | X | D | V | P | R | O | E |

# PRARTHANA SABHA
















# QUIZ


PANCHSHIL SCHOOL
BHAIYO KI JODI KA
DOUBLE DHAMAKA!
nick






nick
CHIKOO
nick
BHAIYO KI JODI KA
DOUBLE DHAMAKA!





# QUIZ


BHAIYO KI JODI KA
DOUBLE DHAMAKA!


BHAIYO KI JODI KA
DOUBLE DHAMAKA!


nick


nick


nick



# SCIENCE PROJECT






# TEACHER'S DAY













# TEACHER'S DAY














# TEACHER'S DAY













# TEACHER'S DAY














# પંચશીલ સ્કૂલ

## सत्य प्रेम अहिंसा





ઉપરના સોશ્યિલ મીડિયા આઈકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેકટ થઈએ